નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સીનીયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત (કુલ-૧૧૩)...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૦૮૫૨૬/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૪/૦૮/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૧૧/૦૬/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા:૧૫/૦૭/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: GS/27/2015/CRR/11/2015/36560/G-5

૩. આ વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૯/૨૫૪૧૧૮/ન.બા.૨૧/ગ

૪. આ વિભાગના તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૧૮/૬૫૬૩૧૯ (ન.બા.૧૧)/ગ

૫. આ વિભાગના તા:03/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૧૮/૫૫૪૩૯૨-૨૦૩૧/ગ

૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૯/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૧030/૨૦૨૦/ક

આમુખ:

આ વિભાગનાં ક્રમ:૧ પરના તા:૧૧/૦૬/૨૦૧૫ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની સીનીયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની કુલ-૧૦૬ જગ્યાનું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) નક્કી કરવામાં આવેલ છે. જેમાં જે તે સમયના ભરતી નિયમ મુજબ, સીધી ભરતીના ફાળે-૩૫, બઢતીના ફાળે-૩૬ તથા સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીના ફાળે-૩૫ જગ્યાઓ ફાળવવામાં આવેલ હતી.

સામાન્ય વહીવટ વિભાગના તા: ૧૫/૦૭/૨૦૧૫ના જાહેરનામાથી બિનસચિવાલય સંવર્ગની સીનીયર કલાર્કની જગ્યાઓના કોમન ભરતી નિયમો નિયત કરેલ છે. સદર ભરતી નિયમો આ ખાતાને પણ લાગુ પડે છે. આ નિયમો મુજબ, સીધી ભરતી અને બઢતીનો રેશિયો ૧:૧ નિયત કરવામાં આવેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા:૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવથી સીનીયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની ૦૪ (ચાર) તેમજ વંચાણે લીધેલ ક્રમ-૪ પરના તા:૨૬/૦૯/૨૦૧૯ના ઠરાવથી સીનીયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની ૦૪ (ચાર) એમ કુલ-૦૮ નવી જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૫ પરના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા), નડિયાદની સીનીયર કલાર્ક વર્ગ-૩ સંવર્ગની કુલ-૦૧ જગ્યા રદ કરેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ:૬ પરના તા:૨૯/૦૬/૨૦૨૦ના પત્રથી નવી મંજૂર થયેલ ૦૮ જગ્યા અને રદ થયેલ ૦૧ જગ્યા અન્વયે કુલ-૧૧૩ જગ્યાનું સંખ્યાબળ નકકી કરવા દરખાસ્ત કરેલ છે

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સીનીયર કલાર્ક, વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ આથી ૧૧૩ ઠરાવવામાં આવે છે. તેમજ આ સંવર્ગના ભરતી નિયમમાં નિયત કરવામાં આવેલ બઢતી અને સીધી ભરતીના ૧:૧ રેશિયો અન્વયે નીચે મુજબની ફાળવણી કરવામાં આવે છે.

| સંવર્ગનું નામ | કુલ સંખ્યાબળ | બઢતીના ફાળાની જગ્યાઓ | સીધી ભરતીના ફાળાની જગ્યાઓ |
|---|---|---|---|
| સીનીયર કલાર્ક (વર્ગ-૩) | ૧૧૩ | ૫૭ | ૫૬ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૦૬/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.